Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX,
NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
सेल SAIL | Shree BALBIR Food Product Pvt. Limited | AM/NS INDIA | JSW | MONNET Steel | Power | Mining | JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની ''માં કાર્ડ યોજના''
હેઠળ અનુભવી ડૉકટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીકલેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ ત્રીજ શનિવાર ૧૫ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૧

પાનાં ૧૨+II+૧૨ કિંમત ₹ ૫.૦૦

# સ્વાતંત્ર્ય દિનના સંબોધનમાં પણ શરીફની ભારતને યુદ્ધની ધમકી

**» જો સિંધુ નદીનું પાણી રોકવામાં આવે તો જડબાતોડ જવાબની ધમકી આપી, કાશ્મીર મુદ્દો ઉઠાવીને કહ્યું કે આ બાબતે અમારું વલણ નહીં બદલાય » ગયા વર્ષની લડાઇમાં પાકિસ્તાનના કથિત વિજય બદલ મુનીરની પ્રશંસા કરી, યુદ્ધ વિરામ બદલ ટ્રમ્પનો આભાર પણ માન્યો!**

ઈસ્લાબાદ, તા. ૧૪: પાકિસ્તાનના ટોચના નાગરિક અને લશ્કરી નેતૃત્વએ શુક્રવારે દેશના ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરતી વખતે રાષ્ટ્રીય એકતા, શાંતિ અને આર્થિક પ્રગતિનું આહ્વાન કર્યું હતું.

તેમના સ્વતંત્રતા દિવસના સંદેશામાં, વડા પ્રધાન શહબાઝ શરીફે જણાવ્યું હતું કે પાકિસ્તાન શાંતિ ઈચ્છે છે પરંતુ તે ઈચ્છાને ક્યારેય નબળાઈ સમજવાની ભૂલ થવા દેશે નહીં. તેમણે કહ્યું, અમે યુદ્ધ નથી ઈચ્છતા; અમે શાંતિ ઈચ્છીએ છીએ. પરંતુ શાંતિની ઈચ્છાને નબળાઈ ન ગણવી જોઈએ. ભારત સાથેના ગયા વર્ષના ચાર દિવસીય સંઘર્ષને યાદ કરતા, શરીફે કહ્યું કે પાકિસ્તાન જળ સંસાધનોના પોતાના અધિકાર સહિત તેના રાષ્ટ્રીય હિતોના રક્ષણ માટે પ્રતિબદ્ધ છે, અને પુનરોચ્ચાર કર્યો કે તે એક જવાબદાર રાષ્ટ્ર અને પ્રાદેશિક તથા વૈશ્વિક શાંતિ માટે સ્થિરતા લાવનારા પરિબળ તરીકે પોતાની ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે સિંધુ જળ કરારને લઈને ભારતને ફરી એકવાર ધમકી આપી છે. તેમણે કહ્યું કે પાકિસ્તાનના હિસ્સાના પાણી પર કોઈ સમજૂતી નહીં થાય. જો તેને રોકવાનો કે ઓછો કરવાનો પ્રયાસ કરવામાં આવશે તો તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. કાશ્મીર મુદ્દાનો ઉલ્લેખ કરતા શાહબાઝે કહ્યું કે કાશ્મીર પર પાકિસ્તાનનું વલણ ક્યારેય નહીં બદલાય. પોતાના ભાષણમાં શહબાઝે ફરી એકવાર સેના પ્રમુખ ફીલ્ડ માર્શલ આસિમ મુનીરની પ્રશંસા કરતા દાવો કર્યો કે તેમના નેતૃત્વમાં પાકિસ્તાને ભારતને હરાવ્યું હતું. શાહબાઝે યુદ્ધ વિરામ કરાવવા બદલ ટ્રમ્પનો આભાર પણ માન્યો હતો.

## અંક બંધ

સ્વાતંત્ર્ય દિનના પર્વ નિમિત્તે 'ગુજરાતમિત્ર' કાર્યાલયમાં રજા રહેશે, તેથી તા.૧૬-૮-૨૦૨૬ રવિવારના દિવસે અંક બહાર પડશે નહીં. જેની નોંધ લેવા સૌને વિનંતી.

-- **વ્યવસ્થાપક**

## ગુજરાતમિત્ર

## નવરોઝ મુબારક

સમસ્ત પારસી સમાજને ''નવરોઝ મુબારક'' અને પારસી નવ વર્ષની હાર્દિક શુભેચ્છાઓ

**ધાર્મિક અને આધ્યાત્મિક સફળ સફર સાથે**

## 'ગુજરાતમિત્ર'ની સત્સંગ પૂર્તિ 25મા વર્ષમાં પ્રવેશે છે




ગુજરાતમિત્રના સોમવારના અંક સાથે પ્રગટ થશે સત્સંગનો વિશેષાંક.. જેમાં હશે ભારતભરના 25 યાત્રાસ્થળો, 25 પરિક્રમા અને તીર્થયાત્રા, 25 ધર્મગ્રંથો, ગીતાના જીવનપયોગી 25 શ્લોક જેવી અન્ય ધાર્મિક માહિતી સાથેનું સાત્ત્વિક વાંચન

# સિંધુ સંધિ સ્થગિત કરાઈ એ નિર્ણાયક પગલુંઃ રાષ્ટ્રપતિ

**સ્વાતંત્ર્ય** દિનની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રજોગ સંબોધન કરતા દ્રોપદી મુર્મુએ વિદ્યાર્થીઓને ભારતના ભવિષ્યના નિર્માતા ગણાવ્યા

નવી દિલ્હી, તા. ૧૪: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 80મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ દેશને સંબોધન કરતા કહ્યું કે આતંકવાદને આશ્રય આપનારા દેશ સાથે સિંધુ જળ સંધિને સ્થગિત કરવી એ ખેડૂતો માટે એક નિર્ણાયક પગલું છે.

આપણે 2047 સુધીમાં વિકસિત ભારતનો લક્ષ્યાંક લઈને આગળ વધી રહ્યા છીએ. નાગરિકો રાષ્ટ્ર માટે સદાય જાગરૂક રહે એમ તેમણે કહ્યું હતું. રાષ્ટ્રપતિએ આગળ કહ્યું કે આપણા વિદ્યાર્થીઓ ભારતના ભવિષ્યના નિર્માતા છે. જે રીતે રાષ્ટ્રીય સુરક્ષા માટે સરકાર અને સમાજનું એકજૂથ રહેવું જરૂરી છે. તે જ રીતે વિદ્યાર્થીઓના વર્તમાન અને ભવિષ્યની સુરક્ષા માટે પણ સૌના સામૂહિક પ્રયાસો જરૂરી છે. રાષ્ટ્રપતિએ કહ્યું- આપણું સંવિધાન જનભાગીદારી પર આધારિત છે. એ ભાવનાને આપણા દેશવાસીઓ આગળ વધારી રહ્યા છે, આ આપણા લોકશાહીની ઉપલબ્ધિ છે. નિષ્ઠાવાન વિદ્યાર્થીઓ અને શિક્ષકો, વિકાસ માટે તત્પર વૈજ્ઞાનિકો અને એન્જિનિયરો, સ્વાસ્થ્ય સેવામાં કાર્યરત ડોકટરો અને સ્વાસ્થ્યકર્મીઓ, મહેનતુ શ્રમિકો અને અન્નદાતા ખેડૂતો, પોતાના પ્રયાસોથી રાષ્ટ્ર-નિર્માણ કરી રહ્યા છે.







RAJHANS GROUP OF INDUSTRIES
REALTY | CONFECTIONERY | ENTERTAINMENT | HOSPITALITY & LEISURE | TEXTILE
Rajhans Empire, Beside Le Meridien Hotel, Near Airport, Dumas Road, Surat - 395 007, Gujarat, India. | www.rajhans.co.in